૩, સોમવાર
૧૭ જાન્યુઆરી ૨૦૧૧
મિડ-ડે, મુંબઈ
નગર-ખબર

# હૉસ્પિટલમાંથી મૅરથૉનમાં અને પાછા હૉસ્પિટલમાં

**પાંચ દિવસ પહેલાં સ્ટ્રોકનો હુમલો આવ્યો હોવા છતાં ૬૫ વર્ષના હસ્તીમલ કટારિયાએ ડૉક્ટરોને મનાવીને દોડમાં ભાગ લીધો : કહે છે કે ડૉક્ટરોએ જો પરવાનગી ન આપી હોત તો મારી પત્નીને અહીં સૂવડાવીને હું ચૂપચાપ બહાર નીકળી ગયો હોત**

**પ્રિયંકા વોરા**
મુંબઈ, તા. ૧૭

પાંચ દિવસ પહેલાં જ સ્ટ્રોકનો હુમલો આવ્યો હોવા છતાં હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા પાયધુનીમાં રહેતા ૬૫ વર્ષના હસ્તીમલ કટારિયાએ ગજબનો જુસ્સો બતાવીને મૅરથૉનમાં ડ્રીમ રનમાં ભાગ લીધો હતો. આ માટે તેમણે પોતાના ડૉક્ટરોને પણ મનાવી લીધા હતા.

બૉમ્બે હૉસ્પિટલના નવમા માળે દાખલ કરવામાં આવેલા હસ્તીમલ કટારિયા મૅરથૉનમાં ભાગ લેવા વહેલી સવારે હૉસ્પિટલથી નીકળીને છત્રપતિ શિવાજી ટર્મિનસ (સીએસટી) પહોંચી ગયા હતા. તેમણે કહ્યું કહ્યું હતું કે 'આવો પ્રસંગ વર્ષમાં એક વાર આવે છે અને એ મિસ કરવાનું મને પરવડે એમ નહોતું એટલે મેં ડૉક્ટરો પાસે ફક્ત ત્રણ કલાક માટે એમાં ભાગ લેવાની પરવાનગી માગી હતી.'

૧૦ જાન્યુઆરીએ આવેલા બ્રેઇન સ્ટ્રોકના હુમલા પછી તેમને બૉમ્બે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મેટલનો બિઝનેસ કરતા હસ્તીમલ કટારિયાએ કહ્યું હતું કે 'મારા હાથ એકદમ નકામા જેવા બની ગયા અને આંખે ધૂંધળું દેખાવા લાગ્યું એટલે ઘરના સભ્યો મને હૉસ્પિટલમાં લાવ્યા. ડૉક્ટરોએ કહ્યું કે મને સ્ટ્રોકનો હુમલો આવ્યો છે અને આરામ કરવાની જરૂર છે.'



ગજબનો જુસ્સો : હસ્તીમલ કટારિયા.

હસ્તીમલ કટારિયા મૅરથૉનમાં ભાગ લે આ બાબતે તેમનાં પત્ની કિરણબહેન ચિંતિત હતાં. તેમણે કહ્યું હતું કે 'મેં તેમને સમજાવવાની કોશિશ કરી કે તમારી તબિયત સારી નથી એટલે મૅરથૉનમાં આવતા વર્ષે ભાગ લેજો, પણ નાના બાળકની જેમ તેમણે જીદ પકડી રાખી.'

હસ્તીમલ કટારિયાએ કહ્યું હતું કે 'જો ડૉક્ટરોએ પરવાનગી ન આપી હોત તો મારી પત્નીને અહીં સૂવડાવીને હું ચૂપચાપથી બહાર નીકળી ગયો હોત.'

પાયધુનીમાં રહેતા હસ્તીમલ કટારિયા મફતલાલ ક્લબના સભ્ય છે. તેમણે કહ્યું હતું કે 'હું દરરોજ ક્લબથી નરીમાન પૉઇન્ટ સુધી આવ-જા કરીને સાત કિલોમીટર ચાલું છું. આ ઉંમરે પણ હું એકદમ ફિટ છું. આવી નાની-મોટી બીમારીઓ મને વૉકિંગ અને લોકો સાથે હળવા-મળવા જેવી મારી પ્રિય પ્રવૃત્તિ કરતી રોકી ન શકે.'

હસ્તીમલ કટારિયા સાથે તમે પણ ચાલવા જાઓ છો? એવા પ્રશ્નના જવાબમાં કિરણબહેને કહ્યું હતું કે 'તેઓ તેમના ૨૫ દોસ્તો સાથે રખડતા રહે છે. મારે ઘરમાં ઘણાં કામો હોય છે.'

બે બાળકોના દાદા બનેલા હસ્તીમલ કટારિયાને થોડા સમય પહેલાં જ ડાયાબિટીઝ થયો હોવાનું જાણવા મળ્યું હતું. એને કારણે જ કદાચ સ્ટ્રોકનો હુમલો આવ્યો હશે એમ ડૉક્ટરોએ કહ્યું હતું. રેસમાં ભાગ લીધા પછી તેઓ પાછા હૉસ્પિટલમાં દાખલ થઈ ગયા હતા.

### ડૉક્ટર શું કહે છે?

**બૉમ્બે હૉસ્પિટલમાં** હસ્તીમલ કટારિયાને સારવાર આપી રહેલા ન્યુરો-ફિઝિશ્યન ડૉક્ટર નિર્મલ સૂર્યાએ પણ એપિલેપ્સિના ૨૫ પેશન્ટો સાથે મૅરથૉનમાં ભાગ લીધો હતો. તેમણે કહ્યું હતું કે 'હસ્તીમલ કટારિયાની તબિયત સારી છે અને અમે કેટલાક રિપોર્ટ્સની રાહ જોઈ રહ્યા છીએ. મૅરથૉન માટે તેઓ મેડિકલી ફિટ હતા એટલે હૉસ્પિટલના સત્તાવાળાઓની પરવાનગી લઈને મેં તેમને મૅરથૉનમાં હિસ્સો લેવા દીધો. સામાન્ય રીતે અમે પેશન્ટને હૉસ્પિટલની બહાર નથી જવા દેતા; પરંતુ પૂજા, લગ્ન કે એવા કોઈ પ્રસંગ માટે વિશેષ પરવાનગી આપવામા આવે છે.'

# મૅરેથોનમાં મુંબઈગરાનો સ્પિરિટ ઝળક્યો

**પર્યાવરણ, શિક્ષણ, શાંતિ, તંદુરસ્તી અંગે જનજાગૃતિ વધારવાનો પ્રયાસ**


એપિલેપ્સી ફાઉન્ડેશનના ઉપક્રમે મૅરેથોનમાં એપિલેપ્સીના દર્દીઓ સાથે ફિલ્મનિર્માતા અનિલ શર્મા, ડૉ. વિજય સૂર્યા અને ઉદ્યોગપતિ કૈલાશ અગ્રવાલે પણ ભાગ લીધો હતો

**કીર્તિદા દલાલ તરફથી**

મુંબઈ, તા. ૧૬ : રવિવારની સલોની સવાર..., રંગબેરંગી કપડાંમાં સજ્જ તરવરાટ અનુભવતો માનવ મહેરામણ..., કોઈ પણ વ્યક્તિને ચાલતી, દોડતી, નાચતી કરી મૂકે એવું જુસ્સાથી સભર ઉત્સાહવર્ધક સંગીત... મૅરેથોન દરમિયાનનું વાતાવરણ ખરેખર આહ્‌લાદક અને માણવાલાયક રહ્યું. છેલ્લાં સાત વર્ષથી દરેક કોમના લોકો, પછી એ ગરીબ હોય કે તવંગર ભેદભાવ ભૂલી એકજૂટ થઈ જનજાગૃતિ આણવાના પ્રયાસરૂપે પર્યાવરણ, શિક્ષણ, શાંતિ, તંદુરસ્તી જેવા લોકોપયોગી મુદ્દા લઈને મુંબઈ મૅરેથોનમાં ભાગ લે છે. આ વર્ષે પણ જુદાંજુદાં અનેક ગ્રુપો એક સે બઢકર એક ધ્યેય માટે દોડતાં જોવા મળ્યાં. શ્રીમદ્ રાજચંદ્રના પૂ. રાકેશભાઈ જવેરીના નેતૃત્વમાં આકાર પામેલા 'લવ ઍન્ડ કૅર' ગ્રુપના ૧૫૦૦ સભ્યો 'એક દો તીન ચાર, લવ ઍન્ડ કૅર કી સુનો પુકાર'ના નારા સાથે દોડવા માટે સજ્જ હતા. મૉડર્ન ઇંગ્લિશ સ્કૂલનાં બાળકો 'વાઘ બચાવો' આંદોલન દ્વારા જનજાગૃતિ લાવવા, વનબંધુ પરિષદના 'ઈચ વન, ટીચ વન'ના સંદેશ સાથે, તો ટૉયબૅન્ક ગ્રુપ બાળકોને ફ્રી રમકડાં આપી ચોખ્ખાઈ, શિક્ષણ વગેરેના મહત્ત્વ વિશે સમજાવવાના ઉદ્દેશ્ય સાથે કટિબદ્ધ હતા. સુપરસોનિક ગ્રુપે કચરામુક્ત મુંબઈનો સંદેશ મૅરેથોનના માધ્યમે વહેતો મૂક્યો હતો અને લોકોને સમજાવ્યું હતું કે ભીનો કચરો અને સૂકો કચરો શા માટે અલગ રાખવો જોઈએ. સ્માઈલ એનજીઓ 'જરા યાદ કરો કુરબાની...' દ્વારા જેમણે આપણા દેશ માટે જાન ફના કર્યો છે એને યાદ કરીને આપણી ભવિષ્યની જવાબદારી અંગે સભાન રહેવા આહ્‌વાન કર્યું હતું. જાપાનના ગ્રુપે 'નોટ ટુ ફાઈટ' દ્વારા શાંતિ અને દોસ્તીનો સંદેશો ફેલાવ્યો હતો, તો મુક્તાંગણ ગ્રુપે 'ચેન્જ ઈન એજ્યુકેશન'ના નારા સાથે શિક્ષણમાં બદલાવની ચાહ જાહેર કરી હતી. યુરેકા ફોર્બ્સે પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે તેમ જ ખોપચા ગ્રુપે 'સ્કેમ ફ્રી ઇન્ડિયા' દ્વારા સાફસૂથરા ભારત માટેની લોકલાગણીને વાચા આપી હતી. ઈશા વિદ્યા કોઈમ્બતુરના સદ્‌ગુરુ જગ્ગી વાસુદેવ સ્થાપિત ઈશા સ્કૂલનું પ્રતિનિધિત્વ કરતું હતું. તેમના 'સાઉન્ડ ઑફ ઈશા' બૅન્ડના કર્ણપ્રિય અને જુસ્સાથી ભરેલા સંગીતના તાલે મરીન ડ્રાઈવ પર અનેક દોડનારા ઝૂમતા જોવા મળ્યા હતા. 'સેપલિંગ પ્રોજેક્ટ' તરફથી ભાગ લેનાર પ્રિયંકા દલાલે પોતાના પહેરવેશ દ્વારા 'ટ્રીઝ આર એન્જેલ્સ'નો સંદેશો આપ્યો હતો.

આખી મૅરેથોન દરમિયાન બાળકો, જુવાનો અને વૃદ્ધોનો જુસ્સો પ્રેરણાદાયક હતો. ફિલ્મ કલાકાર રાહુલ બોઝનું ગ્રુપ 'ધ ફાઉન્ડેશન' સમાનતાની ભાવના સાથે મૅરેથોનમાં સામેલ થયું હતું. દરેક વ્યક્તિને સમાન હક્ક, સમાન દરજ્જો મળવો જોઈએ. ચાહે એ એમએનસીમાં મોટી પોસ્ટ પર હોય કે પછી ઘરકામ કરનાર નોકર હોય. મૅરેથોનનો નજારો જોતાં લાગે કે આટલા બધા લોકો મળીને આવી સુંદર ભાવના ભાવે છે તો એ દિવસ દૂર નથી, જ્યારે વિશ્વના હરેક મનુષ્યના હૃદયમાં પૃથ્વીને વધુ ને વધુ સુંદર, સુરક્ષિત અને સ્વર્ગસમી બનાવવાની અને એકબીજા સાથે ભાઈચારાથી રહેવાની ઇચ્છા પ્રગટે એવી આશા આપણે જરૂર રાખવી જોઈએ.